**ડાયરેક્ટ ❤ સે**

ઘસાઈ જવા કરતાં
કટાઈ જવું
વધારે સારું છે

## જન્મદિને વધામણી


**સી ડી ધનેશ્વર**
ફોન : ૨૩૨૨૫૩૫૭


**મહેન્દ્ર છોટાલાલ પટેલ**
નિવૃત્ત કર્મચારી, નર્મદા વિભાગ
મો. ૯૯૨૪૧ ૩૩૪૫૭


**યશ જયેશ તન્ના**
મો. ૯૯૨૪૧ ૧૨૨૭૦


**યોગીરાજસિંહ વાળા**
મો. ૯૭૨૭૩ ૫૦૧૭૫

# આર જી - એસ બી પટેલ સ્કૂલ ખાતે માતૃ-ગુરુ વંદના, છાત્ર અભિવાદન

## દરેક વર્ગની એક વિદ્યાર્થીનીએ ગુરુજનો, અતિથિઓ, માતાનું પૂજન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા

ગાંધીનગર, તા. ૧૯

શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ બી પટેલ કન્યા ઉચ્ચ માધ્યમિક શાળા, સેક્ટર-૨૩ અને ભારત વિકાસ પરિષદના સંયુક્ત ઉપક્રમે ગુરુવંદના, માતૃવંદના, છાત્ર અભિનંદન કાર્યક્રમ સર્વ વિદ્યાલય પરિસરમાં સ્થિત પીટીસી હૉલ ખાતે મંગળવારે યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ભારત વિકાસ પરિષદના ઉપપ્રમુખ જે એમ ચૌધરી, સ્કૂલના પૂર્વ વાઈસ પ્રિન્સિપાલ, રાષ્ટ્રપતિ એવૉર્ડ વિજેતા શિક્ષક મણિબેન દેસાઈ, અતિથિ વિશેષ પદે પરિષદનાં મહિલા સંયોજક જિજ્ઞાસાબેન રાવલ, સહ સંયોજક હિનાબેન રાવલ, કારોબારી સભ્ય મીનાબેન પટેલ, અનીતાબેન પટેલ, આચાર્ય સુધાબેન પટેલ, સુપરવાઈઝર ગિતેષભાઈ, ગીતાબેન અને હંસાબેન પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં. ગુરુ-શિષ્ય સંબંધ અંગે વિદ્યાર્થીની જાનકી આર ઝાલા અને હફી મિર્ઝાએ વક્તવ્ય આપ્યું હતું. પાયલ પટણીએ ગુરુવંદનાના ગીતનું ગાન કર્યું હતું. ત્યારબાદ વર્ષ ૨૦૧૭માં વાર્ષિક પરીક્ષામાં પ્રથમ ક્રમાંક મેળવનાર ધોરણ-૯થી ૧૨ના પ્રત્યેક વર્ગની વિદ્યાર્થીની ઉપરાંત રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય કક્ષાએ પહોંચનાર વિદ્યાર્થીનીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ માર્ગદર્શન આપનાર શિક્ષક હંસાબેન પટેલ, પ્રીતિબેન શુક્લ, રમેશભાઈ માલવિયા, રમણભાઈ, રોહિતભાઈ, નિશાબેન, અનિલભાઈ પટેલનું પણ આ પ્રસંગે સન્માન કરવામાં આવ્યું હતું.

મણિબેન દેસાઈએ દીકરીઓને ચાર પ્રકારના ગુરુઓની ઓળખ આપી જીવનમાં માતા-પિતાના મહત્ત્વ અંગે પણ સમજ આપી હતી. પરિષદના જિજ્ઞાસાબેન રાવલે વિદ્યાર્થનીઓને માતા અને ગુરુનું સન્માન સાચવવા માટે સંકલ્પ લેવડાવ્યા હતા. કાર્યક્રમના અંત ભાગમાં દરેક વર્ગની એક વિદ્યાર્થીનીએ ગુરુજનો, અતિથિઓ, માતાનું પૂજન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. કાર્યક્રમનુંસંચાલન રશ્મિબેન પટેલે સંભાળ્યું હતું અને ગુરુ-શિષ્ય સંબંધોને અનુરૂપ સંસ્કૃત સુભાષિતોનું ગાન મહેશભાઈએ કર્યું હતું.

# પ્રેરણા વિદ્યાલય ખાતે યુથ વર્કશૉપનું આયોજન




ગાંધીનગર, તા. ૧૯

આવકાર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત પ્રેરણા વિદ્યાલય ખાતે પીસીઆરએનાં ફૅકલ્ટી રાજેશ્રીબેન વાર્ષ્ણેય દ્વારા યુથ વર્કશૉપનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ગૅસ, બાયોગૅસ અને પેટ્રોલ, ઊર્જાની બચત વિશે ઉપયોગી માહિતી આપતી જસપાલ ભટ્ટીની વાર્તા પર આધારિત ફિલ્મ 'કારપુલ' દર્શાવવામાં આવી હતી. રાજેશ્રીબેન વાર્ષ્ણેય દ્વારા વિદ્યાર્થીઓને પેટ્રોલ, ઊર્જાની બચત અંગેની સમજૂતી કેળવાય તે માટેની માહિતી અને તેનો યોગ્ય રીતે ઉપયોગ કરવાથી થતા ફાયદા વિશે સમજ આપવામાં આવી હતી.


કાર્યક્રમ દરમિયાન ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પ્રથમ ક્રમે નેહા મફાજી ઠાકોર, દ્વિતિય ક્રમે ક્રિશ મુકેશકુમાર દૂધરેજીયા અને ત્રીજા ક્રમે માનસી વિનોદભાઈ સુથાર વિજયી બન્યાં હતાં. વિજયી વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો પ્રિન્સિપાલ મનીષભાઈ ખત્રીના હસ્તે એનાયત કરવામાં આવ્યાં હતાં. કાર્યક્રમના સમાપન સમયે વિદ્યાર્થીઓને નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# જે એમ ચૌધરી વિદ્યાલય કબડ્ડી અને ખો-ખોની રમતમાં વિજયી

ગાંધીનગર, તા. ૧૯

તાજેતરમાં ગાંધીનગર ખાતે આયોજિત કબડ્ડી અને ખો-ખોની રમતમાં શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓએ પ્રથમ ક્રમે વિજય પ્રાપ્ત કર્યો છે. આચાર્ય તથા શાળા પરિવાર તરફથી વિદ્યાર્થીનીઓને બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે અન્ડર-૧૯ વિભાગમાં વિજેતા બનેલી આ વિદ્યાર્થીનીઓ આગામી દિવસોમાં જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જઈ રહી છે, જે માટે શાળા પરિવાર તરફથી તેમને શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

# એમ બી પટેલ ગર્લ્સ સ્કૂલ દ્વારા નગરની મધુર ડેરીની મુલાકાત



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ બી પટેલ ગર્લ્સ પ્રાઈમરી સ્કૂલના ધોરણ-૭ ડમાં અભ્યાસ કરતી ૫૬ વિદ્યાર્થીનીઓ માટે મધુર ડેરીની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. દૂધમાંથી બનતી વિવિધ વાનગીઓ, ડેરી પ્રૉડક્ટ્સ, દૂધની વિવિધ ફ્લેવર, આઈસક્રીમની બનાવટ વગેરે કામગીરી પ્રત્યક્ષ નિહાળી વિદ્યાર્થીનીઓએ આ કામગીરી અંગે વિસ્તૃત માહિતી પણ પ્રાપ્ત કરી હતી. આ મુલાકાતનું આયોજન શાળાનાં મદદનીશ શિક્ષક સેજલબેન દ્વારા કરવામાં આવ્યું હતું. મધુર ડેરી તરફથી સૌ મુલાકાતી વિદ્યાર્થીનીઓને મિલ્ક શેકની જ્યાફત ભેટમાં આપવામાં આવી હતી.

# ફિલ્મ અભિનેતા ટાઈગર શ્રૉફ ગાંધીનગરમાં



સૅક્ટર-૨૧માં સ્થિત આઈનોક્સ આર વર્લ્ડ-૨૧ સિનેમા ગૃહની મુલાકાત બૉલીવૂડ સ્ટાર ટાઈગર શ્રૉફ અને નિધિ અગ્રવાલ દ્વારા લેવામાં આવી હતી. પોતાની આગામી ફિલ્મ 'મુન્ના માઈકલ'ના પ્રમોશન માટે આવેલી આ બૉલીવૂડ જોડીને જોવા, સાંભળવા નગરનો યુવા વર્ગ મોટી સંખ્યામાં ઉમટી પડ્યો હતો. સિનેમા ગૃહ પરિવારના આર્ણવ ચુડાસમાએ બંને કલાકારોનું પુષ્પ ગુચ્છથી સ્વાગત કર્યું હતું અને તેમની આગામી ફિલ્મ માટે ગાંધીનગર તરફથી તેમને શુભકામનાઓ પાઠવી હતી.

# ક્યુસીઆઈ દ્વારા ઈન્સ્પેક્શનના નિર્ણય સામે બીએડ કૉલેજોનો વિરોધ

ગાંધીનગર, તા. ૧૯

દેશભરની બી.એડ-એમ.એડ કોલેજોના ઈન્સ્પેક્શન હવે ક્યુસીઆઇ એટલે કે ક્વોલિટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા પાસે કરાવવાની જાહેરાત એનસીટીઈ દ્વારા કરવામાં આવી છે. કાઉન્સિલના આ નિર્ણયને કોર્ટમાં પડકારવાની તૈયારી ગુજરાતની બી.એડ કોલેજ એસોસીએશન દ્વારા તૈયારી કરવામાં આવી છે. આગામી દિવસોમાં કાઉન્સિલના આ નિર્ણય સામે કોર્ટમાં રિટ કરીને કોઈપણ સંજોગોમાં ક્યુસીઆઈ લાગુ ન થાય તેવા પ્રયાસો કરવાનું નક્કી કરાયુ છે.

બી.એડ-એમ.એડ ઉપરાંત એજ્યુકેશન ટીચિંગ આપતી કોલેજોનું ઈન્સ્પેક્શન હાલમાં નેક દ્વારા કરવામાં આવે છે. જો કે, નેકનું જોડાણ લેવાની કાઉન્સિલની સૂચના છતાં મોટાભાગની કોલેજોએ જોડાણ લીધુ નથી. હવે કાઉન્સિલે ક્વોલિટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા પાસે ઈન્સ્પેક્શન કરાવવાનો આદેશ કર્યો છે. આ મુદ્દે કોલેજના સંચાલકો કહે છે કાઉન્સિલ દ્વારા જે ક્યૂસીઆઈ લાગુ કરવામાં આવ્યુ છે તેનો ઉગ્ર વિરોધ કરવામાં આવશે. કારણ કે આ કાઉન્સિલમાં ઈન્સ્પેક્શન કરવા આવનારા તમામ ખાનગી વ્યકિતઓ હશે. જેના કારણે ભ્રષ્ટાચારને વેગ મળશે. આ ઉપરાંત ઈન્સ્પેક્શનમાં આવે ત્યારે તેની તમામ વ્યવસ્થા જે તે કોલેજ સંચાલકોએ સંભાળવાની રહેશે. આ પ્રકારની કામગીરીના કારણે પણ મુશ્કેલી ઊભી થાય તેમ છે. સૌથી મહત્વની વાત એ કે અત્યાર સુધીમાં દેશના અંદાજે ૬થી વધારે રાજ્યોએ ક્યુસીઆઈનો વિરોધ કર્યો છે. ભુતકાળમાં આ એજન્સીએ આઈટીઆઈનું ઈન્સ્પેક્શન પાંચ વર્ષ સુધી કર્યુ હતુ. જેમાં પણ અનેક ફરિયાદો આવતાં તેની સામે પગલાં પણ લેવામાં આવ્યા હતા. ઈન્સ્પેક્શનમાં કાઉન્સિલ દ્વારા કોને મોકલવામાં આવશે તેની પણ કોઈ સ્પષ્ટતા કરી નથી. છેલ્લા કેટલાય વર્ષથી નેશનલ કાઉન્સિલ ઓફ ટીચર્સ એજ્યુકેશન એટલે કે એનસીઈ દ્વારા ઈન્સ્પેક્શન બંધ કરી દેવામાં આવ્યુ છે. કાઉન્સિલના બદલે કોઈ ખાનગી એજન્સીને ઈન્સ્પેક્શનની જવાબદારી સોંપે તે સ્વીકારી શકાય તેમ નથી. આગામી દિવસોમા ગુજરાતના બી.એડ-એમ.એડ કોલેજ એસોસીએશન દ્વારા કાઉન્સિલના આ નિર્ણયને કોર્ટમાં પડકારવાનો નિર્ણય કરાયો છે. એસોસીએશન દ્વારા આ અંગેની કાર્યવાહી શરૂ કરી દેવામા આવી છે.

# સીએ ફાઈનલનું પરિણામ જાહેર : ટોપ ૫૦માં રાજ્યના ૭ વિદ્યાર્થી

ગાંધીનગર, તા. ૧૯

ધી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઓફ ઈન્ડિયા (ICAI) દ્વારા મે માસમાં લેવાયેલી સી. એ. ફાઈનલ અને જૂન માસમાં લેવાયેલી સીપીટીની પરીક્ષાનું પરિણામ જાહેર કરી દેવાયુ છે. ઈન્સ્ટિટ્યૂટ દ્વારા જાહેર કરાયેલા ટોપ ૫૦માં અમદાવાદના ત્રણ અને સુરતના ત્રણ અને વડોદરાના એક એમ કુલ સાત વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. સુરતનો વિદ્યાર્થી દર્શન શાહ ઓલ ઈન્ડિયામાં આઠમા રેન્કમાં આવ્યો છે. જયારે ઓલ ઈન્ડિયામાં ગુજરાતના પક્ષલ શાહે ૨૨, યુક્તા મહેશ્વરીએ ૨૪ અને મદનગોપાલ અગ્રવાલે ૩૪મા રેન્કમાં આવ્યા છે. સી.એ. ફાઈનલ બન્ને ગ્રૂપનું પરિણામ ૨૨.૯૮ ટકા જેટલું આવ્યું છે. અગાઉ લેવાયેલી પરીક્ષામાં સી.એ. ફાઈનલનું પરિણામ ૧૧.૫૭ ટકા આવ્યું હતું. એટલે કે ગતવર્ષની સરખામણીમાં ડબલ પરિણામ જાહેર કરાયું છે. સી.એ.નું પરિણામ મંગળવારે જાહેર થવા છતાં અમદાવાદ ચેપ્ટરનું પરિણામ જાહેર કરાયું નથી. ઈન્સ્ટિટ્યૂટ દ્વારા મે માસમાં લેવાયેલી સી.એ.ફાઈનલની પરીક્ષામાં ગ્રૂપ એકમાંથી ૪૧૩૭૩ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. જે પૈકી ૫૭૧૭ વિદ્યાર્થીઓ પાસ થતાં ૧૩.૮૨ ટકા પરિણામ આવ્યું છે. આજ રીતે સી.એ.ફાઈનલ ગ્રૂપ બેમાં ૩૮૪૭૮ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. જે પૈકી ૬૨૩૪ વિદ્યાર્થીઓ પાસ થતાં ૧૬.૨ ટકા જેટલું પરિણામ આવ્યું છે. જયારે બન્ને ગ્રૂપમાં એકસાથે ૩૪૫૦૩ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. જે પૈકી ૭૯૨૮ પાસ થતાં બન્ને ગ્રૂપનું ફાઈનલનું પરિણામ ૨૨.૯૮ ટકા જેટલું આવ્યું છે. ગતવર્ષે સી.એ.ફાઈનલમાં ૩૬૭૬૮ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાંથી ૪૨૫૬ વિદ્યાર્થીઓ પાસ થતાં ૧૧.૫૭ ટકા પરિણામ આવ્યું હતું.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
રઈસ
૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦
**સ્ક્રીન-૨**
કુંગ ફુ યોગા (હિન્દી)
૧.૦૦, ૪.૦૦, ૧૦.૧૫
કુંગ ફુ યોગા (અંગ્રેજી)
૭.૦૦
**સ્ક્રીન-૩**
ધ ગ્રેટ વૉલ (૩ડી, અંગ્રેજી)
૧૨.૩૦, ૬.૩૦
રૅસીડૅન્ટ ઍવિલ (૩ડી, અંગ્રેજી)
૨.૩૦, ૮.૩૦
રૅસીડૅન્ટ ઍવિલ (૩ડી, હિન્દી)
૪.૩૦
**સ્ક્રીન-૪**
શુભ આરંભ (ગુજરાતી)
સવારે ૧૦.૦૦
કાબિલ
૧૨.૪૫
સુપરસ્ટાર (ગુજરાતી)
૩.૪૫
દંગલ
૬.૪૫
ગુજ્જુ રૉક્સ (ગુજરાતી)
૯.૪૫
**સ્ક્રીન-૫**
કુંગ ફુ યોગા (હિન્દી)
સવારે ૧૦.૦૦
રઈસ
૧૨.૩૦
કાબિલ
૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

# નિવૃત્ત થયેલાને નોકરી આપવાની પ્રથા બંધ કરવી જોઈએ

## તંત્રીને પત્ર

આજકાલ સત્તાધારી પક્ષની સરકારોમાં સરકારી તંત્રોમાં જગ્યાઓ ખાલી પડે ત્યારે વરસો સુધી આ જગ્યાઓ ભરાતી નથી. અને ઊંચા હોદ્દાવાળી સંસ્થા કે તંત્રોમાં ખાસ કરીને આઈએએસવાળા નિવૃત્ત થયેલા અધિકારીઓને ફરીથી રિએપોઈન્ટમેન્ટ અપાતી રહે છે. તાજેતરમાં મુખ્ય ચૂંટણી કમિશનરની નિમણૂંક વખતે જેઓ નિવૃત્ત થયેલા છે તે અધિકારીને પ્રથમ વિજીલન્સ અધિકારી તરીકે અને પછી ચૂંટણી કમિશનર તરીકે નિવૃત્તિ પછી મૂકવામાં આવ્યા. સરકારી કૉલેજોમાં વર્ષો સુધી ઈન-ચાર્જ હવાલાઓ અપાતા રહે છે. મારી બાબતમાં દસ-બાર વર્ષ સુધી કાયમી આચાર્યની નિમણૂંક કરવાને બદલે ઈન-ચાર્જ આચાર્ય તરીકે નિમણૂંક આપેલી. તેમાં નિયમ એવો છે કે ઈન-ચાર્જ અધિકારીની જગ્યા ૧૧ માસમાં પૂરવી જોઈએ. પરંતુ વર્ષો સુધી ઈન-ચાર્જ હવાલા ઉપર નિમણૂંકો થતી રહે છે. પરિણામે જે કાર્યક્ષમતા ઊભી થવી જોઈએ તે થતી નથી. બે-બે હવાલા સંભાળનાર અધિકારી બિચારો બળદની જેમ હવાલો સંભાળતો રહે છે, છતાં તેને ચાર્જ, એલાઉન્સ લેવા માટે ભીખ માગવી પડે છે. વધારાનો હવાલો આપવાની અને નિવૃત્ત થયેલાને પુનઃ નિમણૂંક આપવાની પ્રથા રદ થશે તો દેશમાં થોડીક બેરોજગારી દૂર થશે. રોજગારીની વાતો કરતાં સત્તાધારી સરકારે પ્રથમ તો હવાલો આપવાની વ્યવસ્થા કે નિવૃત્તિવાળાને નોકરી આપવાની પ્રથા બંધ કરવી જોઈએ.

**- પ્રો. ઇન્દુભાઈ ભટ્ટ**

ગાંધીનગરમાં વાઈબ્રન્ટ સમીટ ૨૦૧૭ના સમયમાં સ્ટ્રીટ લાઈટ્સમાં (સૅક્ટરના જાહેર બગીચાઓને બાકાત રાખીને) એલઈડી બલ્બ, ટ્યુબ લગાવેલ છે.

વિદ્યુતનો નિભાવ ખર્ચ ઓછો આવે, વિદ્યુત બિલમાં કરકસર થાય તે માટે ઈઈએસએલસીએસ તંત્રને વ્યવસ્થા સોંપેલ છે તથા ટોલ ફ્રી નં. ૧૮૦૦ ૧૮૦ ૩૫૮૦ જાહેર કરેલ છે. પરંતુ મોટાભાગે ઘણા દિવસો સુધી બંધ લાઈટ રિપેર થતી નથી, તેથી આ રિપેરીંગ વ્યવસ્થા પાટનગર યોજના વિદ્યુત વિભાગની કચેરી હસ્તકનો સ્થાનિક ટોલ ફ્રી નંબર અનિવાર્ય બન્યો છે. આગ કે શૉર્ટ સર્કિટ કે દુર્ઘટના સમયે સ્થાનિક તંત્ર અને લોકલ ટોલ ફ્રી નંબર જ કામમાં આવે છે.

૧૮૦૦ ૧૮૦ ૩૫૮૦ નંબર પર ફરિયાદ કર્યા પછી ૪૮ કલાકમાં ફરિયાદ ધ્યાને લેવાની અઢારમી સદીની વ્યવસ્થાને બદલે એકવીસમી સદીની ત્વરિત નિકાલની વ્યવસ્થા તંત્ર અમલમાં લાવે તેવી નમ્ર વિનંતી.

**- પ્રવીણાબેન જગદીશભાઈ વોરા, સૅક્ટર-૪ એ**

ગાંધીનગરમાં નિર્માણ પામેલા મહાત્મા મંદિરની ખ્યાતિ વિશ્વ સુધી પહોંચી છે એ આનંદની વાત છે પરંતુ આ સ્થળે યોજાતા કાર્યક્રમો વખતે સૅક્ટર-૧૪ના રહીશોને ભારે સહન કરવાનું આવે છે.

વીઆઈપી બંદોબસ્તના નામે સ્થાનિક રહીશો માટે સૅક્ટર્સ સુધી પહોંચવાના માર્ગો બંધ કરી દેવામાં આવે છે, જે કારણે સ્થાનિક નાગરિકોને ઘણી હાડમારી વેઠવી પડે છે. જો સૅક્ટર-૧૪ના અંદરના ભાગે સર્વિસ રોડ બનાવી એલડીઆરપી સર્કલ સુધી જોડી દેવાય તો આ સમસ્યા હળવી થઈ શકે તેમ છે. બંદોબસ્તને નામે બંધ કરાતા રસ્તાઓથી વિદ્યાર્થીઓ અને નોકરિયાત વર્ગ તેમજ બહારગામથી આવતા મહેમાનોને પણ અગવડ પડે છે, જેના નિવારણ માટે તંત્રએ અવશ્ય વિચાર કરવો જોઈએ. રેલવે સ્ટેશન પણ મહાત્મા મંદિરને કારણે ઢંકાઈ ગયું છે અને ત્યાં સુધી પહોંચવાનો રસ્તોય ખરાબ છે ને ત્યાં લાઈટ પણ નથી. રાતના સમયે ત્યાં પહોંચવું કે ત્યાંથી નીકળવું ખૂબ કથોરું થઈ પડે છે. આ સમસ્યા પણ સત્વરે નિવારવા જેવી છે. ઉપરાંત સૅક્ટર-૧૪માં અંદરના રસ્તાઓ પણ ખૂબ સાંકડા બની ગયા છે. સરકારે દબાણ હટાવ ઝૂંબેશમાં લોકોનાં ઘરનાં પગથિયાં તેમજ પાણીની ચોકડીઓ અને વૃક્ષોનું પણ નિકંદન કાઢી નાખ્યું હતું, પરંતુ મહાનગરપાલિકાએ નિર્ણય બદલી લોકોની મુશ્કેલીમાં વધારો કર્યો છે. લોકભાગીદારીથી મકાનની આગળ સિમેન્ટ બ્લોક નાખી દેવાયા છે, જેના કારણે રોડની પહોળાઈ માત્ર આઠ ફૂટ જેટલી બચવા પામી છે. આ રોડ પહોળો કરવામાં આવે તે અત્યંત જરૂરી છે. સૅક્ટર-૧૪માં પ્રાથમિક શાળા, પોસ્ટ ઓફિસ અને એટીએમની જરૂરિયાત પણ વર્તાઈ રહી છે અને ખ રોડ પર એસટી તંત્ર દ્વારા વધુ બસો દોડાવાય એવી લાગણી પણ નાગરિકો વ્યક્ત કરી રહ્યા છે.

**- ગુલાબચંદ એન પટેલ**

**આ વિભાગમાં પ્રગટ થતાં લખાણો સાથે અખબાર, તંત્રી સંમત છે એમ માની લેવું નહીં**

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસો એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક